# માહિતી પુસ્તિકા

૨ ૦ ૦ ૮

Accelerating Opportunities

Gujarat Knowledge Society

વધુ માહિતી માટે મુલાકાત લો www.gksgujarat.org



હું ઇચ્છું કે શિક્ષણ પુરું કરનાર
દરેક વિદ્યાર્થીને સંપૂર્ણ રોજગાર મળે.

**શ્રી નરેન્દ્ર મોદી,**
મુખ્યમંત્રી, ગુજરાત

## માહિતી પુસ્તિકા

ભારતમાં બાળકનો જન્મ એક ઉત્સવ છે. જન્મ સમયથી જ બાળકનાં ઉજ્જવળ ભાવિનાં સ્વપ્નો જોવામાં આવે છે. આ સ્વપ્નો સાકાર કરવામાં અને બાળકના ઘડતરમાં શિક્ષણ બહુ મોટો ભાગ ભજવે છે. વર્તમાન શિક્ષણ વ્યવસ્થા હજી એવી આદર્શ સ્થિતિએ પહોંચી શકી નથી. આજની શિક્ષણ વ્યવસ્થા અને જોબ માર્કેટની જરૂરિયાતો વચ્ચે બહુ મોટું અંતર છે. ઉદ્યોગોની માગણીને અને આજની નોકરીની જરૂરિયાતોને પહોંચી વળી શકે તેવા વિષયો આજના શિક્ષણમાં અપૂરતા છે અથવા તો બિલકુલ નથી. એટલું જ નહીં, આ વિષયોમાં ઝડપથી આવતાં પરિવર્તનો અનુસાર શિક્ષણ વ્યવસ્થામાં ઝડપી પરિવર્તનો થતાં નથી અને નોકરીની જરૂરિયાત અનુસારની પ્રેક્ટિકલ ટ્રેનિંગનો પણ તેમાં અવકાશ નથી. આ એક બહુ મોટું કારણ છે જેને કારણે શિક્ષિત અને બેરોજગાર યુવાનના આત્મવિશ્વાસને બહુ મોટી હાનિ પહોંચે છે.

આ સ્થિતિમાં પરિવર્તન લાવવા માટે ગુજરાત સરકારે શિક્ષણ વ્યવસ્થા અને ઉદ્યોગોની જરૂરિયાતો વચ્ચેની ખાઈ પૂરવા માટે એક એક ક્રાંતિકારી પગલું ભર્યું છે. અહીં, ચોક્કસ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ટૂંકી મુદતના અભ્યાસક્રમ વિશેષ રીતે તૈયાર કરવામાં આવ્યા છે, જે સામાન્ય લોકોને નજીવા દરે ઑફર કરી શકાય. વિશેષ રીતે તૈયાર કરવામાં આવેલા આ શિક્ષણ કાર્યક્રમોને ગુજરાતના ખૂણે ખૂણા સુધી પહોંચાડવા માટે ગુજરાત નૉલેજ સોસાયટીની રચના કરવામાં આવી છે.

## ગુજરાત નૉલેજ સોસાયટી (જીકેએસ)નું મિશન :

ગુજરાત નૉલેજ સોસાયટીનું ધ્યેય ધોરણ ૧૦, ૧૨ અને તેથી વધુ શિક્ષિત વિદ્યાર્થીઓને ઊંચી કાર્યકુશળતા આપે અને રોજગારીની નવી દિશાઓ ખોલી આપે એવા શિક્ષણ કાર્યક્રમોની મદદથી સક્ષમ બનાવવાનું છે.

## જીકેએસની સર્વાંગી કાર્યદષ્ટિ :

- વિશેષ યોગ્યતાપૂર્ણ વ્યક્તિઓ આપીને શિક્ષણ વ્યવસ્થા અને ઔદ્યોગિક જરૂરિયાતો વચ્ચેનું અંતર પૂરવું
- જરૂરી તાલીમ આપવી
- વિદ્યાર્થીઓ તેમ જ સંસ્થાનો બંનેને ઉપયોગી થાય તેવી અગત્યની કડી બનવું
- કાર્યરત વ્યક્તિઓની કુશળતા નિખારવી અને તેમનું જ્ઞાન સતેજ કરવું

સર્વાંગી રીતે, જીકેએસ યુવાનોને તેમની શૈક્ષણિક યોગ્યતા અનુસારની નોકરી મેળવવા જોઈતું માર્ગદર્શન આપશે અને તેમને તાલીમના સ્તરથી જ કાર્યકુશળ બનાવશે.
દીર્ઘદષ્ટા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના માનસની નીપજ સમાન જીકેએસ ગુજરાતના યુવાધનને આજના ઉદ્યોગોને જોઈએ તેવી નવી દષ્ટિ, જ્ઞાન અને તાલીમ આપવા માટે તથા ઉજ્જવળ ભાવિ તરફ દોરી જવા માટે પ્રતિબદ્ધ છે.

## કાર્યવ્યૂહ

જીકેએસની રચના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હેઠળની એક સંસ્થા તરીકે કરવામાં આવી છે. ટેકનિકલ એજ્યુકેશનના ડિરેક્ટરની આ સંસ્થાના સીઈઓ તરીકે નિમણૂક કરવામાં આવી છે. જીકેએસ દ્વારા વિવિધ સરકારી અને ખાનગી શૈક્ષણિક સંસ્થાઓના સહયોગમાં તાલીમ કેન્દ્રોની સ્થાપના કરી દેવામાં આવી છે. અહીં, વિદ્યાર્થીઓને ગુણવત્તાપૂર્ણ શિક્ષણ આપવામાં આવશે.

જીકેએસએ કાળજી પૂર્વકની પસંદગી પદ્ધતિ અપનાવીને તાલીમ સહયોગીઓની પસંદગી કરી છે. તાલીમ સહયોગીઓના આ ઉચ્ચ સ્તરીય સમૂહમાં રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાની કેટલીક શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે. શિક્ષણ આપવા માટે, સંબંધિત ક્ષેત્રના કેટલાક સર્વશ્રેષ્ઠ નિષ્ણાતોની મદદ પણ લેવામાં આવી છે, જેથી સમગ્ર શિક્ષણ સર્વાંગી કેળવણીમાં પરિણમે.

## પ્રવૃત્તિઓ

જીકેએસની પ્રાથમિક પ્રવૃત્તિઓ મુખ્યત્વે ત્રણ તબક્કામાં વહેંચી છે :

- પ્રવેશ કાર્યવિધિ
- તાલીમ કાર્યવિધિ
- પ્લેસમેન્ટમાં સહાય

## પ્રવેશ

શૈક્ષણિક કાર્યક્રમો ઉદ્યોગોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીની ક્ષમતા મુજબના કોર્સની ચાર લેવલમાં વહેંચણી કરવામાં આવી છે.

લેવલ ૧ : ધોરણ ૧૦ પાસ અને તેથી ઉપરના વિદ્યાર્થીઓ માટે
લેવલ ૨ : ધોરણ ૧૨ પાસ અને તેથી ઉપરના વિદ્યાર્થીઓ માટે
લેવલ ૩ : સ્નાતક કક્ષા (બી.એ., બી.કોમ., બી.એસસી. વગેરે)ના વિદ્યાર્થીઓ માટે
લેવલ ૪ : સ્નાતક અને અનુસ્નાતક કક્ષા (બી. ફાર્મ, બી.ઈ., એમ.ઈ., એમ.બી.એ., એમ.સી.એ., એમ.કોમ, એમ.એસસી., એમ. ફાર્મ) ના વિદ્યાર્થીઓ માટે

વિદ્યાર્થીઓ તેમના સંબંધિત લેવલ અનુસાર અભ્યાસક્રમની પસંદગી કરી શકે છે. આ લેવલમાં ઉંમરની કોઈ મર્યાદા નથી.

## સરળ પ્રવેશ પદ્ધતિ

**પગલું ૧** : આપનું સ્તર અને આપને અનુકૂળ અભ્યાસક્રમ નક્કી કરો. અભ્યાસક્રમના ટેબલમાં ઉપલબ્ધ અભ્યાસક્રમની યાદી આપવામાં આવી છે.
**પગલું ૨** : શિક્ષણ અપાતું હોય તેવા નજીકના કેન્દ્રનો સંપર્ક કરો. એ કેન્દ્ર પર ઉપલબ્ધ તાલીમ સહયોગી પસંદ કરો, જેની યાદી અલગ ટેબલમાં આપવામાં આવી છે. આપના વધુ પ્રશ્નોના ઉત્તર જીકેએસની વેબસાઈટ પર મળી રહેશે.
**પગલું ૩** : કેન્દ્ર પર ફોર્મ ભરી દો.
**પગલું ૪** : નજીકની એક્સિસ બેન્કમાં ફી ભરી દો. બેન્કમાં ફી ભર્યા પછી, આપને ત્રણ રસીદ આપવામાં આવશે. એક રસીદ આપની પાસે રાખીને બાકીની બે રસીદ કેન્દ્રમાં સુપરત કરો.
**પગલું ૫** : આપનો અભ્યાસક્રમ શરૂ કરો.

## અભ્યાસક્રમ

જીકેએસ દ્વારા આઈટી ક્ષેત્રના ૧૯ અને આઈટી સિવાયનાં ક્ષેત્રના ૧૯ અભ્યાસક્રમ નક્કી કર્યા છે. આ અભ્યાસક્રમો ૫૦ કલાકથી ૧૫૦ કલાક સુધીની અવધિના છે. આમાં થીયરી તેમ જ પ્રેક્ટિકલ ક્લાસીસનો સમાવેશ થાય છે. બેંચની સંખ્યા ૩૦ ની મર્યાદિત રાખવામાં આવશે. વિવિધ અભ્યાસક્રમોની માહિતી નીચે મુજબ છેઃ

## અભ્યાસક્રમ - આઈટી ક્ષેત્ર

| ક્રમ | અભ્યાસક્રમ વિગત | લેવલ | અભ્યાસક્રમના કલાકો | | કુલ કલાક | ફી* | રોકડ રીફંડ |
|---|---|---|---|---|---|---|---|
| | | | થીયરી | પ્રેક્ટિકલ | | | |
| ૧ | વિન્ડોઝ એક્સપી ઓપરેટિંગ સિસ્ટમ એન્ડ બેઝિક કોમ્પ્યુટર સ્કીલ્સ | ૧ | ૪૦ | ૪૦ | ૮૦ | ૧૦૦૦ | ૧૦૦ |
| ૨ | વેબપેજ ડિઝાઈનિંગ વીથ HTML, ફ્રન્ટપેજ એન્ડ ડ્રીમ વીવર | ૧/૨ | ૩૦ | ૪૫ | ૭૫ | ૧૦૦૦ | ૧૦૦ |
| ૩ | જાવાસ્ક્રીપ્ટ એન્ડ CSS | ૨ | ૨૦ | ૩૦ | ૫૦ | ૧૧૫૦ | ૧૦૦ |
| ૪ | C પ્રોગ્રામિંગ ફોર બીગીનર્સ | ૨ | ૩૦ | ૩૦ | ૬૦ | ૧૧૫૦ | ૧૦૦ |
| ૫ | એન્જિનીયરિંગ ડ્રોઇંગ વીથ ઓટોકેડ (2D) | ૨ | ૨૫ | ૩૫ | ૬૦ | ૧૧૫૦ | ૧૦૦ |
| ૬ | C++ ફોર બીગીનર્સ | ૨ | ૩૦ | ૩૦ | ૬૦ | ૧૧૫૦ | ૧૦૦ |
| ૭ | કોર જાવા | ૨ | ૩૦ | ૩૦ | ૬૦ | ૧૧૫૦ | ૧૦૦ |
| ૮ | PHP પ્રોગ્રામિંગ | ૨ | ૩૦ | ૪૦ | ૭૦ | ૧૨૫૦ | ૧૫૦ |
| ૯ | DTP વીથ પેજમેકર, ફોટોશોપ, કોરલડ્રો એન્ડ ટેક્સ્ટ એડિટર | ૨ | ૪૦ | ૬૦ | ૧૦૦ | ૧૫૦૦ | ૧૫૦ |
| ૧૦ | બેઝિક હાર્ડવેર અભ્યાસક્રમ અને નેટવર્કિંગ કોમ્પોનન્ટ્સ | ૨ | ૫૦ | ૫૦ | ૧૦૦ | ૨૦૦૦ | ૨૫૦ |
| ૧૧ | એન્જિનીયરિંગ ડ્રોઇંગ વીથ ઓટોકેડ (3D) | ૩ | ૨૦ | ૩૦ | ૫૦ | ૧૧૫૦ | ૧૦૦ |
| ૧૨ | એડવાન્સ્ડ C પ્રોગ્રામિંગ -ડેટા સ્ટ્રક્ચર્સ | ૩ | ૩૦ | ૪૫ | ૭૫ | ૧૭૦૦ | ૨૫૦ |
| ૧૩ | OOP યુઝિંગ C++ | ૩ | ૩૦ | ૪૫ | ૭૫ | ૧૭૦૦ | ૨૫૦ |
| ૧૪ | J2EE પ્રાઇમર | ૩ | ૩૦ | ૩૦ | ૬૦ | ૧૭૦૦ | ૨૫૦ |
| ૧૫ | MS SQL RDBMS | ૩ | ૩૦ | ૪૦ | ૭૦ | ૧૭૦૦ | ૨૫૦ |
| ૧૬ | પ્રોગ્રામિંગ વીથ ASP.NET | ૩/૪ | ૫૦ | ૫૦ | ૧૦૦ | ૧૮૦૦ | ૨૫૦ |
| ૧૭ | પ્રોગ્રામિંગ વીથ VB.NET | ૩/૪ | ૫૦ | ૫૦ | ૧૦૦ | ૧૮૦૦ | ૨૫૦ |
| ૧૮ | એડવાન્સ્ડ જાવા | ૪ | ૩૦ | ૪૫ | ૭૫ | ૨૦૦૦ | ૨૫૦ |
| ૧૯ | સોફ્ટવેર ટેસ્ટિંગ યુઝિંગ QTP | ૪ | ૩૦ | ૪૫ | ૭૫ | ૨૦૦૦ | ૨૫૦ |

*ઉપરોક્ત ફી લાગુ પડતા સર્વિસ ટેક્સ સહિતની છે.

Gujarat Knowledge Society

## અભ્યાસક્રમ - આઈટી સિવાયનાં ક્ષેત્રો

| ક્રમ | અભ્યાસક્રમની વિગત | લેવલ | અભ્યાસક્રમ ના કલાકો | ફી* | રોકડ રીફંડ |
|---|---|---|---|---|---|
| ૧ | સર્ટિફિકેટ ઈન રીટેઈલ | ૧ | ૫૦ | ૧૫૦૦ | ૨૫૦ |
| ૨ | સર્ટિફિકેટ ઈન હોસ્પિટાલિટી | ૧ | ૫૦ | ૧૫૦૦ | ૨૫૦ |
| ૩ | સર્ટિફિકેટ ઈન લાઈફ ઈન્સ્યોરન્સ | ૧ | ૫૦ | ૧૫૦૦ | ૨૫૦ |
| ૪ | બેઝિક કમ્યુનિકેશન સ્કીલ્સ | ૧ | ૬૦ | ૧૫૦૦ | ૨૫૦ |
| ૫ | નર્સિંગ આસિસ્ટન્ટ | ૧ | ૮૦ | ૨૦૦૦ | ૨૫૦ |
| ૬ | લેબોરેટરી આસિસ્ટન્ટ | ૧ | ૮૦ | ૨૦૦૦ | ૨૫૦ |
| ૭ | ફોરેન લેન્ગ્વેજ મન્ડેરીન / ચાઈનીઝ | ૧ | ૮૦ | ૨૫૦૦ | ૨૫૦ |
| ૮ | સર્ટિફિકેટ ઈન બેઝિક એકાઉન્ટન્સી વીથ ટેલી ૯.૦ | ૨ | ૧૦૦ | ૨૦૦૦ | ૨૫૦ |
| ૯ | સર્ટિફિકેટ ઈન માર્કેટિંગ | ૨ | ૬૦ | ૨૦૦૦ | ૨૫૦ |
| ૧૦ | બેઝિક સેલિંગ સ્કીલ્સ | ૨ | ૬૦ | ૨૦૦૦ | ૨૫૦ |
| ૧૧ | સર્ટિફિકેટ ઈન બેન્કિંગ | ૨ | ૭૫ | ૨૦૦૦ | ૨૫૦ |
| ૧૨ | સર્ટિફિકેટ ઈન લોજિસ્ટિક્સ એન્ડ શીપિંગ | ૨ | ૭૫ | ૨૦૦૦ | ૨૫૦ |
| ૧૩ | બીપીઓ અભ્યાસક્રમ | ૨ | ૭૫ | ૨૦૦૦ | ૨૫૦ |
| ૧૪ | એડવાન્સ કમ્યુનિકેશન સ્કીલ્સ | ૩ | ૭૫ | ૨૫૦૦ | ૨૫૦ |
| ૧૫ | સર્ટિફિકેટ ઈન ઈવેન્ટ મેનેજમેન્ટ | ૩ | ૭૫ | ૨૫૦૦ | ૨૫૦ |
| ૧૬ | હેલ્થકેર ઓર્ગેનાઈઝેશન એન્ડ મેનેજમેન્ટ | ૩ | ૮૦ | ૨૫૦૦ | ૨૫૦ |
| ૧૭ | સર્ટિફિકેટ ઈન એક્સપોર્ટ મેનેજમેન્ટ | ૩ | ૮૦ | ૨૫૦૦ | ૨૫૦ |
| ૧૮ | બેઝિક પ્રોજેક્ટ મેનેજમેન્ટ વીથ એમએસ પ્રોજેક્ટ્સ | ૩ | ૧૦૦ | ૩૦૦૦ | ૨૫૦ |
| ૧૯ | એડવાન્સ બેન્કિંગ પ્રોફેશનલ | ૪ | ૧૫૦ | ૩૦૦૦ | ૨૫૦ |

*ઉપરોક્ત ફી લાગુ પડતા સર્વિસ ટેક્સ સહિતની છે.

## ગુજરાત નૉલેજ સોસાયટીના ચાર ઝોન પ્રમાણે જિલ્લાઓ

| અમદાવાદ | સૌરાષ્ટ્ર | સુરત | વડોદરા |
|---|---|---|---|
| અમદાવાદ | રાજકોટ | સુરત | વડોદરા |
| બનાસકાંઠા | જામનગર | વલસાડ | આણંદ |
| ગાંધીનગર | ભાવનગર | નવસારી | નર્મદા |
| મહેસાણા | અમરેલી | તાપી | ભરૂચ |
| પાટણ | સુરેન્દ્રનગર | ડાંગ | દાહોદ |
| સાબરકાંઠાં | પોરબંદર | | ખેડા |
| | કચ્છ | | પંચમહાલ |

## કેન્દ્રોની કુલ સંખ્યા

| સંસ્થાનો પ્રકાર | કેન્દ્રની સંખ્યા |
|---|---|
| ડીગ્રી/ડિપ્લોમા એન્જિ./ફાર્મસી/ એમબીએ/એમસીએ | ૨૮૩ |
| આર્ટસ્ / કોમર્સ કૉલેજો | ૧૮૯ |
| સાયન્સ કૉલેજો | ૪૭ |
| આઇ.ટી.આઇ. | ૩૬૬ |
| કુલ | ૮૮૫ |

## પરીક્ષા પદ્ધતિ

પ્રત્યેક અભ્યાસક્રમ પૂરો થયા પછી, ગુજરાત સરકારે રચેલી એસેસમેન્ટ એન્ડ સર્ટીફીકેશન બોડી પરીક્ષા લેશે. પરીક્ષા ઓનલાઇન અથવા ઓફલાઇન લેવામાં આવશે. પ્રત્યેક સફળ વિદ્યાર્થીને સરકારની માન્યતા પ્રાપ્ત સર્ટીફીકેટ આપવામાં આવશે. આ ઉપરાંત, વિદ્યાર્થીને નોકરીની તક મેળવવામાં પણ શક્ય એટલી તમામ સહાય કરવામાં આવશે. જીકેએસ આ માટે જોબફેરનું આયોજન પણ કરશે. આ માટે જીકેએસએ નીચે જણાવેલી પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે જોડાણ કર્યું છે.

- ડિરેક્ટર ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેનિંગ
- ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી
- નાસકોમ
- સીઆઇઆઇ
- એફઆઇસીસીઆઇ (ફિક્કી)
- ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ
- અર્ધસરકારી સંસ્થાઓ
- જાહેર ક્ષેત્રનાં એકમો
- એઝ્યોર, મોટીફ જેવા બીપીઓ અને આઇસીઆઇસીઆઇ બેંન્ક જેવી અન્ય ખાનગી સંસ્થાઓ

## રોકડ રીફંડ

અભ્યાસક્રમ સફળ રીતે પૂર્ણ કરનાર વિદ્યાર્થીને એક ચોક્કસ રકમ રીફંડ કરવામાં આવશે. આ રીફંડ રોકડ રીફંડ હશે. આ કારણે વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસક્રમ સફળતા પૂર્વક પૂરો કરવાનું પ્રોત્સાહન મળશે.

## વિદ્યાર્થીઓને લાભ

**સતત વિકસતું જ્ઞાન**
દરેક વ્યક્તિને સતત નવું જ્ઞાન મેળવવાની આ એક અનોખી તક છે. જે તે ક્ષેત્રની નવીનતમ માહિતીથી જાણકાર રહેવાથી દરેક વિદ્યાર્થીનો વિકાસ ઝડપી બનશે અને તેઓ સ્પર્ધાનો સફળતાથી સામનો કરી શકશે.

**કુશળતામાં વધારો**
અભ્યાસક્રમો અને ફીનાં માળખાં એવી રીતે તૈયાર કરવામાં આવ્યાં છે કે દરેક લોકો માટે આ વ્યવસ્થાનો લાભ લઈને કુશળતા વધારવાનું શક્ય બને છે. કુશળતા વધારીને કોઈ પણ વ્યક્તિ ઉત્સાહપૂર્વક સફળતાના પંથે આગળ ધપી શકે છે.

**નોકરીની તકોમાં વધારો**
આ અભ્યાસક્રમોનો લાભ લઈને કોઈ પણ વ્યક્તિ તેમની કારકિર્દીમાં આગળ વધી શકે છે. સઘન તાલીમને કારણે વ્યક્તિની આવડત વિકસે છે અને એ સાથે રોજગારીની નવી તકો ખૂલે છે. આથી, દરેક વ્યક્તિ તેમને મળવી જોઈતી સમૃદ્ધિ અને ઉજ્જવળ કારકિર્દીની અપેક્ષા પૂરી કરી શકે છે.

**ઉદ્યોગોની જરૂરિયાતોને પહોંચી વળો**
આ અભ્યાસક્રમો જોબ માર્કેટની માગણીઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યા છે. આથી આ અભ્યાસક્રમો સફળતા પૂર્વક પૂરા કરવાથી વિદ્યાર્થી ઉદ્યોગો માટે સુસજ્જ બને છે.

**વિકાસ**
આ અભ્યાસક્રમોથી લોકોને તેમની કારકિર્દી નવેસરથી ઘડવાની તક મળશે. તેઓ તેમની નવી આવડત બતાવી શકશે અને તેમના સંસ્થાનમાં ઊંચી પાયરીએ પહોંચી શકશે.

**આવકમાં વધારો**
કારકિર્દીમાં સુધાર અને વિકાસની નવી તકોને કારણે આ અભ્યાસક્રમો સમૃદ્ધિનાં નવાં દ્વાર ખોલી આપે છે. આવકની નવી તકો મળવાથી લોકો તેમના જીવનમાં આર્થિક સ્થિરતા મેળવી શકશે.

## તાલીમ કેન્દ્રો

ગુજરાતની તમામ ડીગ્રી/ડિપ્લોમા એન્જિ. / ફાર્મસી / એમબીએ / એમસીએ / સાયન્સ / આર્ટસ્ / કોમર્સ કૉલેજો તથા આઇ.ટી.આઇ સંસ્થાઓને તાલીમ કેન્દ્રો તરીકે પસંદ કરવામાં આવી છે. આરોગ્ય સંભાળને લગતા અભ્યાસક્રમો સિવિલ હૉસ્પિટલ્સ કે સિવિક હેલ્થસેન્ટર્સમાં હાથ ધરવામાં આવશે. ગુજરાતમાં કુલ ૮૮૫ કેન્દ્રો ઉપલબ્ધ છે. તમામ કેન્દ્રોની સંપૂર્ણ યાદી જીકેએસની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

## તાલીમ સહયોગીઓ

રાષ્ટ્રભરમાં પથરાયેલી શ્રેષ્ઠ ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ જીકેએસના તાલીમ સહયોગીઓ છે. આ તાલીમ સહયોગીઓ તેમના સંબંધિત વિસ્તારમાં, જીકેએસની કડક માર્ગદર્શિકાઓ અનુસાર તાલીમ કેન્દ્રની સ્થાપના માટે જવાબદાર છે. જીકેએસના તાલીમ સહયોગી બનવા માટે સંસ્થા પાસે સુદૃઢ માળખાકીય સુવિધાઓ, અનુભવી પ્રશિક્ષકો અને એકથી વધુ શહેરોમાં શાખાઓ હોવી અનિવાર્ય છે. આવા ૧૨ જેટલા તાલીમ સહયોગીઓ નક્કી કરવામાં આવ્યા છે.

## ઉદ્યોગોને લાભ

**કાર્યકુશળ લોકો મેળવો**
આજના અત્યંત સ્પર્ધાત્મક યુગમાં સંસ્થાનોને કાર્યકુશળ લોકોની તાતી જરૂર છે. આ અભ્યાસક્રમો ક્રાંતિકારી પરિવર્તન લાવશે અને વધુ કાર્યકુશળ લોકો પૂરા પાડશે.

**કર્મચારીના તાલીમ ખર્ચમાં ઘટાડો**
સંસ્થાઓ તેમના કર્મચારીઓની તાલીમ પાછળ ખર્ચાતાં બહુમૂલ્ય સમય, નાણાં અને અન્ય સંસાધનોની બચત કરીને ટર્નઓવર વધારી શકે છે. વિશેષ આવડતવાળા નવા કર્મચારીઓ ઝડપથી તેમનો કાર્યભાર સંભાળી શકશે અને તેની કંપનીની ઉત્પાદકતામાં તરત જ યોગદાન આપવા લાગશે.

**કોર્પોરેટ ટ્રેનિંગ મોડ્યુલ્સ**
જીકેએસ જુદાં જુદાં સંસ્થાનો માટે તેમની જરૂરિયાત અનુસારના વિશેષ અભ્યાસક્રમો પણ પૂરા પાડે છે. આથી સંસ્થાઓ અનુભવી પ્રશિક્ષકો અને ટ્રેનિંગ મોડ્યુલ્સ મેળવવામાં જતો સમય બચાવી શકે છે. જીકેએસ જે તે સંસ્થાનના સંકુલમાં તાલીમની સુવિધા પણ આપે છે.

**સ્થાનિક સ્તરે કાર્યકુશળ લોકો મેળવો**
સ્થાનિક સ્તરે કાર્યકુશળ લોકો મળવા એ એક બહુ મુશ્કેલી હોય છે. અન્ય સ્થળેથી આવા લોકો મેળવવા જતાં ખર્ચમાં ઘણો વધારો થાય છે. આ અને આવી બીજી અનેક મુશ્કેલીઓ નિવારી શકાય છે અને આ અભ્યાસક્રમો સફળતાથી પૂર્ણ કરેલા લોકો જ્યાં જોઈએ ત્યાં ઉપલબ્ધ બનશે.

## સંપર્ક માહિતી

**ગુજરાત નૉલેજ સોસાયટી**
ડાયરેક્ટોરેટ ઓફ ટેક્નીકલ એજ્યુકેશન,
બ્લોક નં. ૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦, ગુજરાત.

ટોલ ફ્રી નં. : ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦
ફોન : ૦૭૯ –૨૩૨૫૩૬૧૫
ઈ–મેઈલ : gks.dte@gmail.com
વેબસાઇટ : http://www.gksgujarat.org

Gujarat Knowledge Society

## જીકેએસના અભ્યાસક્રમમાં નોંધણી માટેની પદ્ધતિ



## તાલીમ સહયોગીઓ

| ક્રમ. નં. | તાલીમ સહયોગી | ઝોન | સરનામું | સંપર્ક વ્યક્તિ | ફોન નં | ઈ-મેઈલ અને વેબસાઈટ | કાર્યક્ષેત્ર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | એનઆઈએસ સ્પાર્ટા | અમદાવાદ, વડોદરા | ૩ જો માળ, ૮, બાલાજી એસ્ટેટ,<br>સુદર્શન મુંજાલ માર્ગ, કાલકાજી,<br>નવી દિલ્હી - ૧૧૦૦૧૯ | આરીફ શમશાદ | ૦૧૧-૩૦૮૧૩૮૬૫<br>૯૩૧૩૫૩૦૦૭૫<br>૯૩૧૨૩૯૨૯૨૫ | manojc@nissparta.com<br>arifs@nissparta.com<br>www.nissparta.com | આઈટી અને બિનઆઈટી |
| ૨ | એવરોન સિસ્ટમ્સ ઇન્ડિયા લિ. | સુરત, સૌરાષ્ટ્ર | નં. ૮૨, ૪ - એવેન્યુ, અશોકનગર<br>ચેન્નઇ - ૬૦૦૦૮૩ | એમ. ચંદ્રાબાનુ<br>કે. એ. વિજયન | ૦૪૪-૪૫૫૧૩૨૧૪<br>૦૪૪-૪૫૫૧૩૨૨૩ | kannan@everonn.com<br>gopalkrishnan@everonn.com<br>www.everonn.com | આઈટી અને બિનઆઈટી |
| ૩ | મીટકોન ઈ-સ્કુલ | સુરત, સૌરાષ્ટ્ર | મીટકોન ઉદ્યોગ પ્રબોધિની બીલ્ડીંગ, પહેલો માળ,<br>એગ્રીકલ્ચર કોલેજ કેમ્પસ, ડી.આઇ.સી.<br>ઓફિસ પાસે, શિવાજીનગર, પૂણે - ૪૧૧૦૦૫ | વિનય કુંવર | ૦૨૦-૬૬૨૮૯૩૦૧<br>૦૨૦-૬૬૨૮૯૩૦૩<br>૯૮૨૨૦૫૮૩૩૮ | vinaykumar@mitconeschool.com<br>vinaykunwar@yahoo.com<br>www.mitconeschool.com | આઈટી અને બિનઆઈટી |
| ૪ | ત્રિપદા મલ્ટીકોર્સ પ્રા.લિ. | અમદાવાદ, વડોદરા | ત્રિપદા ઇન્ટરનેશનલ સ્કુલ,<br>રત્નાપાર્ક, અમદાવાદ - ૩૮૦૦૬૧ | અર્ચિત ભટ્ટ | ૦૭૯-૬૫૪૨૬૨૫૨<br>૦૭૯-૨૭૪૩૫૪૮૦<br>૯૮૨૫૦૭૦૦૭૪ | architbhatt@tripada.com<br>www.tripada.com | આઈટી અને બિનઆઈટી |
| ૫ | એકેડેમી ઓફ રીટેઇલ ટ્રેનિંગ | અમદાવાદ | ૨૦૧, સરમાઉન્ટ બિલ્ડીંગ, એસ.જી. હાઇવે,<br>ઇસ્કોન મેગા મોલની સામે,<br>અમદાવાદ-૩૮૦૦૧૫ | જયદીપ બેર્નજી | ૦૭૯-૬૫૨૪૬૬૧૧<br>૦૭૯-૬૫૨૪૬૬૨૨<br>૯૯૭૪૦૧૬૩૦૧ | art.amd@urjagroup.com<br>info@retail-art.com<br>www.retail-art.com | બિનઆઈટી |
| ૬ | એબેક લેંગ્વેજ લેબોરેટરીઝ પ્રા. લિ. | સુરત, સૌરાષ્ટ્ર | એ-૯, રામલીંગ નગર, પ્રથમ મુખ્ય રોડ,<br>ત્રીચી-૩ | હીના જાની | ૯૨૨૭૧૪૪૧૪૫ | dishaheena@yahoo.co.in<br>www.ebekindia.com | આઈટી અને બિનઆઈટી |
| ૭ | નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ આઇટી<br>એન્ડ પ્રોફેશનલ સ્ટડીઝ | સૌરાષ્ટ્ર | ૨૭, એશિયાટીક આર્કેડ, વર્તક નગર,<br>પોખરન રોડ, થાણે (વેસ્ટ)-૪૦૦૬૦૬ | નિલેશ નખવા | ૦૨૮૧-૨૪૬૫૫૮૨<br>૯૨૨૭૮૭૯૮૫૭ | enquiry@niitaps.com<br>www.niitaps.com | આઈટી |
| ૮ | ધ ઓર્ચિડ | અમદાવાદ, વડોદરા | ૨૧૬, યુનિવર્સીટી પ્લાઝા,<br>વિજય ચાર રસ્તા, નવરંગપુરા,<br>અમદાવાદ - ૩૮૦૦૧૫ | અનુજા અગ્રવાલ | ૦૭૯-૬૫૪૨૧૮૯૨<br>૯૮૨૫૨૬૬૧૦૬ | orchidahmedabad@gmail.com<br>www.orchid.org.in | આઈટી અને બિનઆઈટી |
| ૯ | પાર્થ ઇન્ફોટેક | વડોદરા | ૧૦૪, અમન ટાવર, ફતેહ સાગર એપાર્ટમેન્ટ<br>ની સામે, ફતેહગંજ મેઇન રોડ,<br>ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨ | અભિજીત કુલકર્ણી<br>મુકેશ શીરસત | ૦૨૬૫-૨૭૫૦૭૫૦<br>૦૨૨-૨૭૬૦૩૦૨૭<br>૦૯૮૩૩૮૫૮૬૦૩<br>૦૯૩૨૦૩૬૧૩૦૦ | mdparth26@yahoo.com<br>mdparth26@gmail.com<br>www.parthinfo.com | આઈટી |
| ૧૦ | એકેડમી ફોર કોમ્પ્યુટર<br>ટ્રેનિંગ પ્રા.લિ. | અમદાવાદ, સુરત | ૨૦૪, સિલિકોન ટાવર,<br>સમર્થેશ્વર મહાદેવની પાછળ, લો ગાર્ડન,<br>નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯ | જસ્વીંદર સીંગ ગુલરી | ૦૭૯-૨૬૪૬૮૫૩૬<br>૦૭૯-૨૬૪૬૮૫૩૮<br>૯૩૨૮૮૭૩૨૧૬ | jasvinders@actuniv.com<br>hpsingh@actuniv.com<br>www.actuniv.com | આઈટી અને બિનઆઈટી |
| ૧૧ | અરિહંત સોફ્ટટેક | વડોદરા | ૫ મો માળ, મેઘ મલ્હાર કોમ્પલેક્સ, પેટ્રોલપંપ<br>પાસે, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૦૧ | એસ. બી. ભંડારી | ૦૭૯-૩૦૫૨૪૩૪૨<br>૯૩૭૭૧૧૧૮૯૦<br>૯૩૭૭૭૧૬૬૬૯ | arihantsoftech@rediffmail.com<br>www.arihantsoftech.com | આઈટી |
| ૧૨ | ગુજરાત ઇન્ફોટેક લિમિટેડ | સૌરાષ્ટ્ર | એ-૨, બીજો માળ, જય ટાવર,<br>અંકુર કોમ્પલેક્સ, નારણપુરા,<br>અમદાવાદ -૩૮૦૦૧૩ | એમ. એ. પટેલ | ૦૭૯-૨૭૪૮૫૧૦૯<br>૯૪૨૬૦૭૫૦૦૦ | giljamsab@yahoo.co.in<br>www.gujaratinfotech.com | આઈટી અને બિનઆઈટી |

## સામાન્ય રીતે પૂછાતા પ્રશ્નો

**પ્ર. ૧ જીકેએસ શું છે ?**

- ગુજરાત નૉલેજ સોસાયટી (જીકેએસ) એ ગુજરાત સરકાર દ્વારા રચવામાં આવેલી સંસ્થા છે જેનો હેતુ યુવાનોને જ્ઞાન આધારિત અર્થતંત્ર અને સમાજ માટે તૈયાર કરવાનો અને યુવાનોની ક્ષમતા અને કુશાગ્રતાનો વિકાસ કરી વિશ્વ કક્ષાનો જ્ઞાન સ્ત્રોત ઉભો કરવાનો છે.જીકેએસ ગુજરાત સરકારના શિક્ષણ ખાતા હેઠળ તકનિકી શિક્ષણ વિભાગ દ્વારા સંચાલિત છે.

**પ્ર. ૨ જીકેએસ દ્વારા કયા કોર્સીસ ચલાવવામાં આવેલ છે ?**

- રાજ્ય ભરમાં ફેલાયેલા ૮૮૫ સેન્ટર્સ દ્વારા ૧૯ આઇટી અને ૧૯ બિનઆઈટી કોર્સીસ ચલાવવામાં આવશે.

**પ્ર. ૩ ટ્રેઈનીંગ કોણ આપશે ?**

- એક વિસ્તૃત પ્રક્રિયાથી નક્કી કરવામાં આવેલા ટ્રેઈનીંગ પાર્ટનર્સ દ્વારા શિક્ષણ આપવામાં આવશે. જેમના ટ્રેઈનર્સ પણ જીકેએસ દ્વારા ચકાસણી કર્યા બાદ જ નક્કી કરવામાં આવે છે.

**પ્ર. ૪ મારે પરીક્ષા ક્યાં આપવાની રહેશે ?**

- દરેક કોર્સના અંતે એક ઓનલાઈન અથવા ઓફલાઈન પરીક્ષા લેવાશે જેની પ્રક્રિયા જીકેએસના 'એસેસમેન્ટ એન્ડ સર્ટીફીકેશન પાર્ટનર, જે એક સ્વતંત્ર માળખું છે, ના દ્વારા કરવામાં આવશે. સફળ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવમાં આવશે.

**પ્ર. ૫ મારે વધારે માહિતી ક્યાંથી મેળવવી ?**

- અમારા ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ ઉપર ફોન કરીને અથવા www.gksgujarat.org વેબસાઈટ સર્ફ કરીને અથવા નજીકના જીકેએસ ટ્રેઈનીંગ સેન્ટરનો સંપર્ક કરી વધુ માહિતી મેળવી શકો છો.

**પ્ર.-૬ કોર્સ પૂરો કર્યા પછી રોજગારીની કેવી તકો રહેલ છે ?**

- સફળ વિદ્યાર્થી જીકેએસ દ્વારા યોજવામાં આવતા 'જોબ મેળા' માં ભાગ લઈ શકે છે. અહીં અપાતું શિક્ષણ ઉદ્યોગોની જરૂરીયાત મુજબનું હોવાથી વિદ્યાર્થીઓને રોજગારીની તકો વધી જાય છે. વળી જીકેએસએ વિદ્યાર્થીઓને નોકરી અપાવવાના હેતુથી વિવિધ સંસ્થાઓ સાથે સહયોગ પણ સાધ્યો છે. ટ્રેઈનીંગ પાર્ટનર્સ અને એક સ્વતંત્ર માળખુ પણ વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટ માટે કાર્યાન્વિત છે.

**પ્ર.-૭ એક સાથે બે કોર્સીસ કરનાર અથવા એક કોર્સ પુરો કર્યા પછી આગળનાં બીજા કોર્સ કરવા આવનારને શું લાભ મળશે ?**

- એક વાર પ્રવેશ લેનાર વિદ્યાર્થીને જીકેએસનું રજીસ્ટ્રેશન કાર્ડ આપવામાં આવશે. પ્રથમ કોર્સ સફળતાથી પુરો કરનાર વિદ્યાર્થીને આગળનાં બીજા કોર્સમાં જોડાવવા માંગે તો તેને જીકેએસના કાર્ડ દ્વારા બીજા કાર્સની ફી માં ૨૦% ની રાહત મળશે.




Gujarat
Knowledge
Society

બ્લોક નં. ૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ૩૮૨૦૧૦,ગુજરાત.
ફોન : ૦૭૯ ૨૩૨૫૩૬૧૫ ઈ–મેઈલ : gks.dte@gmail.com
Website : www.gksgujarat.org

**ટોલ ફ્રી નંબર : ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦**